**કલમ–૪(બી) (૨):–વેકસીનેશન બ્રાંચ/મોબાઈલ ડીસ્પેન્સરીના અધિકારીઓ અને કર્મચારીઓની સત્તા અને ફરજોઃ–**

<u>(૧)નાયબ આરોગ્ય અધિકારી</u>

- શહેરના સ્લમ,સ્લમ–લાઈક છેવાડાના વિસ્તારોમાં દર્દીઓને નિદાન કરી સારવાર આપાવવાની કામગીરી કરાવવી.
- જયાં પબ્લીક વધુ મળવાની હોય તેવી જગ્યાઓ જેવી કે,મેળાઓ/રમત્સોસવ સમયે તબીબી સારવાર માટે મેડીકલ ટીમની માંગણી કરવામાં આવે ત્યારે મોબાઈલ ડીસ્પેન્સરી મોકલવાની કામગીરી કરાવવી
- કુદરતી આફત જેવી કે રેલ,વાવાઝોડુ, ભુકંપ જેવી આફતો સામે એપેડેમીક કંટ્રોલ યુનીટ હેઠળ મોબાઈલ મેડીકલ ટીમ /સર્વેલન્સ ટીમોમાં સાથે રાખી તબીબી નિદાન સારવાર,સર્વેલન્સ, કલોરીન ટેબલેટ વિતરણ,કલોરીન ટેસ્ટ,પાણીના નમુના લઈ પરીક્ષણ માટે લેબોરેટરીમાં મોકલવાની કામગીરી.
- ઉપરી અધિકારી તરફ થી મળતી સુચના મુજબ ની કામગીરી.

<u>(૧) મેડીકલ ઓફીસર</u>

- નાયબ આરોગ્ય અધિકારીશ્રીની સીધી દેખરેખ હેઠળ શહેરના છેવાડાના  વિસ્તારોમાં દર્દીઓને નિદાન કરી સારવાર આપવાની કામગીરી
- જયાં પબ્લીક વધુ મળવાની હોય તેવી જગ્યાઓ જેવી કે,મેળાઓ/રમત્સોસવ સમયે તબીબી સારવાર કામગીરી કરવી
- કુદરતી આફત જેવી કે રેલ,વાવાઝોડુ, ભુકંપ જેવી આફતો સામે એપેડેમીક કંટ્રોલ યુનીટ હેઠળ મોબાઈલ મેડીકલ ટીમ /સર્વેલન્સ ટીમોમાં સાથે રાખી તબીબી નિદાન સારવાર,સર્વેલન્સ, કલોરીન ટેબલેટ વિતરણ,કલોરીન ટેસ્ટ,પાણીના નમુના લઈ પરીક્ષણ માટે લેબોરેટરીમાં મોકલવાની કામગીરી.
- તાબા હેઠળના કર્મચારી પાસે જરૂરી રજીસ્ટરો બનાવડાવવા તથા તેનુ ચેકીંગ કરવું જરૂર પડયે માહિતી આપવી.
- ઉપરી અધિકારી તરફ થી મળતી સુચના મુજબ ની કામગીરી.

<u>(૨) નર્સ/કલાર્ક કમ કમ્પાઉન્ડીગ આસી.</u>

- શહેર તથા શહેર બહાર વિસ્તારોમાં મેડીકલ ઓફીસરો દ્વારા દર્દીઓને નિદાન કર્યા બાદ તેમની સુચના મુજબ દવા, ડ્રેસીગ તેમજ જરૂરી માર્ગદર્શન આપવાની કામગીરી
- જરૂરી રજીસ્ટરો બનાવી નિભાવવાની કામગીરી કરવી સમયાંતરે તેનુ ચેકીગ મેડીકલ ઓફીસર પાસે કરાવવું. જરૂર પડયે માહિતી આપવી.